**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૨.૫ ડીગ્રી
લઘુતમ : ૧૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૭૭ ટકા

# રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે આરટીઓ અધિકારીઓની વિશેષ તાલીમ યોજાઈ

ગાંધીનગર જિલ્લાની રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી દ્વારા ટ્રાન્સપોર્ટ કમિશનર તેમજ ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટીના સહકારથી આરટીઓના ૧૦૬ અધિકારીઓને ૨૮ દિવસની સરકારી સેવાઓને લગતી તાલીમ



આપવાનું શરૂ કર્યુ છે જે ચાર તબક્કામાં આપવામાં આવશે. આ તાલીમમાં આરટીઓ વિભાગને લગતી સેવાઓ ઉપરાંત આંતરરાષ્ટ્રીય માન્ય સંસ્થાના એક્રિડેટેડ ટ્રેનર દ્વારા વહેવાર બાબતે સોફ્ટ સ્કિલની તાલીમ, એફએસએલ તાલીમ, પોલીસ ઓર્ગેનાઈઝેશન, પરેડ, સ્કવોડ ડ્રીલ, ફાયરિંગ પ્રેક્ટીસ, આરટીઓ અને પોલીસને લગતા કાયદા, ટ્રાફિક મેનેજમેન્ટ, એક્સિડન્ટમાં બચાવ માટેના સમરીટન અને તેના ઉપાયો, શિસ્ત વગેરે બાબતે વિશેષ તાલીમ આપવામાં આવી રહી છે.



ગાંધીનગર શહેરમાં વૃક્ષોની સંખ્યા સવિશેષ છે. શહેરને તેના કારણે આગવી ઓળખ મળી છે. જો કે વરસાદમાં આ વૃક્ષો વધુ ફુલી ફાલીને કયાંક કયાંક જોખમરૂપ બન્યા છે. વનવિભાગ દ્વારા હાલમાં તેનું ટ્રીમીંગ કરવામાં આવી રહ્યું છે. ખાસ કરીને ચ અને ઘ રોડની આસપાસના વૃક્ષોનું ટ્રીમીંગ હાલમાં ચાલી રહ્યું છે. વાયબ્રન્ટ સમિટ નજીક આવતા ટ્રીમીંગની કામગીરીને તેજ બનાવવામાં આવી છે.

# ફોરેન્સિક યુનિવર્સિટી ખાતે લદ્દાખ-ગુજરાતના વિદ્યાર્થીઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર ખાતેની નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી અને યુનિવર્સિટી ઓફ લદ્દાખના સંયુકત ઉપક્રમે તા.૨૭મી ડિસેમ્બરના રોજ એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરમાં એનએફએસયુના ઓડિટોરિયમ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં એનએફએસયુના કુલપતિ ડૉ. જે. એમ. વ્યાસ, યુનિવર્સિટી ઓફ લદ્દાખના કુલપતિ ડૉ. એસ. કે. મહેતા, જુનાગઢની ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ડૉ. ચેતનભાઈ ત્રિવેદી, ગુજરાત યુનિવર્સિટીના ડૉ. વી. કે. જૈન, એનએફએસયુના





એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રાર સી. ડી. જાડેજાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. એનએફએસયુ અને યુનિવર્સિટી ઓફ લદ્દાખથી આવેલા વિદ્યાર્થીઓ દ્વારા “આઝાદી કા અમૃત મહોત્સવ” અને “એક ભારત, શ્રેષ્ઠ ભારત”ની થીમ સાથે લદ્દાખ અને ગુજરાતની વૈવિધ્યસભર સાંસ્કૃતિક કૃતિઓ સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત રજૂ થઈ હતી જેમાં, શુંડુલ નૃત્ય, બલ્ટી ગઝલ, ગરબા, રાસ સહિતની કૃતિઓનો સમાવેશ થાય છે.

એનએફએસયુના કુલપતિ ડૉ. જે. એમ. વ્યાસે જણાવ્યું હતું કે લદ્દાખ સરહદી વિસ્તારમાં આવેલું હોવાથી યુનિવર્સિટી ઓફ લદ્દાખ ખાતે હોમલેન્ડ સિક્યોરિટી, સાયબર સિક્યોરિટી, સાયબર ક્રાઈમ ઈન્વેસ્ટિગેશનને લગતાં કોર્સ શરૂ કરવામાં એનએફએસયુ સહયોગ આપશે, તેમાં પણ બોર્ડર સિક્યોરિટી મેનેજમેન્ટ લગતો અભ્યાસક્રમ પણ સામેલ થાય તે સમયની માંગ છે. જ્યારે યુનિવર્સિટી ઓફ લદ્દાખના કુલપતિ ડૉ. એસ. કે. મહેતાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે ‘થોડાં દિવસ પૂર્વે જ એનએફએસયુ અને યુનિવર્સિટી ઓફ લદ્દાખ વચ્ચે મહત્ત્વનો સમજૂતી કરાર થયો છે જે અંતર્ગત એનએફએસયુના માર્ગદર્શન હેઠળ એપ્રિલ-૨૦૨૨થી જ યુનિવર્સિટી ઓફ લદ્દાખ ખાતે ફોરેન્સિક સાયન્સિસ વિષયના કોર્સનો પ્રારંભ કરશે.’ એનએફએસયુ ખાતે લદ્દાખ કલ્ચરલ સેન્ટર સ્થાપવા માટેની યોજના બનાવી રહ્યા છીએ જ્યારે ‘સ્ટુડન્ટ્સ એક્સચેન્જ પ્રોગ્રામ’ વિદ્યાર્થીઓની ક્ષમતા વધારવા તથા વ્યક્તિત્વ વિકાસ માટે મહત્ત્વનો પુરવાર થશે.

# એમ.એમ. પટેલ ઈન્સ્ટિટ્યુટ ખાતે મેથેમેટિક્સ ડે ઉજવાયો






ગાંધીનગર, તા. ૨૮

એમ.એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ એન્ડ રીસર્ચમાં મેથેમેટિક્સ ડીપાર્ટમેન્ટ દ્વારા ‘નેશનલ મેથેમેટિક્સ ડે’’ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગણિત વિષયના સુપ્રસિદ્ધ વક્તા અને રિટાયર્ડ એસોસિયેટ પ્રોફેસર એન.એન. રોધેલિયા મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યુ હતુ. કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામોથી સન્માનિત કરાયા હતા. આ કાર્યક્રમમાં પોસ્ટર મેકિંગ અને ક્વલીઝ સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કર્યુ હતુ. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં મેથેમેટિક્સ ડીપ્રાટમેન્ટના સર્વે ફેકલ્ટી ઉપરાંત બી.એસ.સી. તેમજ એમ.એસ.સી.ના વિદ્યાર્થીઓએ જહેમત ઉઠાવી હતી.

# તલોદ સ્નેહ ગૃપનો ૧૧મો સ્નેહ મિલન સમારોહ યોજાયો



ગાંધીનગર તાલુકાના ગિયોડ નજીક દશેલા રોડ પરના યશ વિહાર ધામ ખાતે તલોદ સ્નેહ ગૃપનો ૧૧મો સ્નેહ મિલન સમારોહમાં યોજાયો હતો. જેમાં ગૃપના સભ્યો પરિવાર સહિત ઉપસ્થિત રહ્યાં હતા. તલોદ સ્નેહ ગૃપના સ્નેહ મિલન સમારોહમાં તા. ૨૫ ડિસેમ્બરે રાત્રે સભ્યોએ પરંપરાગત ગામઠી ભોજનનો આસ્વાદ માણ્યાં બાદ કેમ્પ ફાયર સાથે વિવિધ સાંસ્કૃતિક પ્રવૃતિઓ જેવી કે સમુહ નૃત્યો, કરાઓકે સિંગિગ, અંતાક્ષરી અને રાસ-ગરબા વગેરેનો આનંદ માણ્યો હતો. બીજા દિવસે તા.૨૬મી ડિસેમ્બરે સવારે વિવિધ મનોરંજક પારિવારિક રમતો સાથે કપલ ડાન્સ યોજાયા હતા. આ પ્રસંગે ગૃપના સભ્ય પરિવારોના સંતાનોને કારકિર્દીલક્ષી માર્ગદર્શન તેમજ મદદ મળી રહે તે માટે ચર્ચા પણ હાથ ધરવામાં આવી હતી. બપોરના સમુહ ભોજન બાદ તમામે સ્વ. બિપીન રાવત સહિતના રાષ્ટ્રના વીર શહીદો, કોરોના મૃતકો તેમજ સભ્ય પરિવારોના દિવંગત સ્નેહીજનોને શ્રધ્ધાંજલી આપવા મૌન પાળવામાં આવ્યું હતું અને અંતમાં ગૃપની પરંપરા અનુસાર સમુહમાં રાષ્ટ્રગીતના ગાન બાદ સ્નેહ મિલન સમારોહનું સમાપન કરાયું હતું.

# આર.એન. પટેલમાં W.D.C. અંતર્ગત કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૨૮

આર.એન. પટેલ શાળામાં W.D.C. અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાળાની ધોરણ ૬ થી ૮ની વિદ્યાર્થીનીઓને હેલ્થ કેર માટે યોગ્ય માર્ગદર્શન મળે તે હેતુથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સાયકોલોજીસ્ટ ડૉ. નૂરીનબેન ચૌધરી તથા સાયક્રાસ્ટ્રીક ડૉ. વિધિબેન મોદીને તથા નર્સની ફરજ બજાવતા મનીષાબેન પટેલને આમંત્રિત કર્યા હતા. ડૉ. વિધિબેન મોદીએ માનસિક રોગ, ટેન્શન, ડિપ્રેશન, વ્યસનના વિશે માર્ગદર્શન આપ્યું હતું. ડૉ. નૂરીનબેન ચૌધરીએ ડિપ્રેશનની અસરો, આત્મહત્યા, ડાયાબિટીસ વિગેરે વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષિકાબેન અર્ચનાબેન પટેલે કર્યું હતું.

# પૂજય હરિકેશવદાસજીની દિક્ષાતિથિ નિમિત્તે સેવાયજ્ઞ



ગાંધીનગર, તા. ૨૮

સ્વામિનારાયણ મંદિરમાં રહેતા સ્વામીજી હરિકેશવદાસજીએ સંત દિક્ષા લીધી તેના ૬૫મા દિક્ષા તિથી પ્રસંગે સેવા સમર્પણ યજ્ઞ રાખેલ છે. જે તારીખ ૩૦મીના રોજ યોજાનાર છે. આ પ્રસંગ નિમિત્તે કૈલાસધામ વૃધ્ધાશ્રમમાં વડીલોને મીઠાઈ સાથે ભોજન પિરસાયું હતું. સેકટર-૧૬ની અંધજન શાળા તેમજ સેકટર-૨૮ મુકબધીર શાળામાં ભોજન તથા ડોનેશન અર્પણ કર્યું હતું. સેકટર-૨૪ની સરકારી શાળાના ધોરણ૧થી ૮નાં ૨૦૦ વિદ્યાર્થીઓને નોટબુકો, ફૂલસ્કેપ ચોપડા, પેનો, પેન્સિલ કીટ વગેરે અર્પણ કરીને દિક્ષા તિથિ પ્રસંગની ઉજવણી કરી હતી.

# શાહપુર પ્રા. શાળાના આચાર્યનું અખિલ ભારતીય શિક્ષા શિરોમણી એવોર્ડથી સન્માન




ગાંધીનગર, તા.૨૮

શાહપુર પ્રાથમિક શાળાના આચાર્ય અશ્વિનભાઈનું અખિલ ભારતીય શિક્ષા શિરોમણી એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું હતું. ગોરક્ષ શકિતધામ સેવાર્થ ફાઉડેશન, ઉજ્જૈન, મધ્યપ્રદેશ દ્વારા શિક્ષણ-કલા અને સાહિત્ય ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરેલ શિક્ષકોનો સન્માન સમારંભ તાજેતરમાં ભારતમાતા મંદિર ઉજ્જૈન ખાતે યોજાયો હતો. ભારતરત્ન ભૂતપૂર્વ પ્રધાનમંત્રી સ્વ.અટલ બિહારી વાજપાઈ તથા પંડિત મદનમોહન માલવિયાના જન્મદિવસ નિમિત્તે યોજાયેલ અખિલ ભારતીય સારસ્વત સન્માન સમારંભમાં દેશના વિભિન્ન રાજયોમાંથી આવેલ શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર જિલ્લાના શાહપુર શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિની પસંદગી થતાં તેમનું મહાકાલેશ્વર મંદિરનાં સાંનિધ્યમાં ભારતમાતા મંદિર ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં શાલ, ટ્રોફી, પ્રમાણપત્ર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય


● મુક્તિધામ ●

- સ્વ. ઠાકોર રમેશભાઈ હરિભાઈ, ઉ.વ. ૩૬, પીંડારડા
- સ્વ. પટેલ જશોદાબેન નરેન્દ્રભાઈ, ઉ.વ. ૭૬, ભાટ

● રૂદ્રભૂમિ ●

- સ્વ. પ્રજાપતિ નાથીબેન કાલીદાસ, ઉ.વ. ૯૦, શાહપુર
- સ્વ. પાઠક નિર્ગુણાબેન અરૂણભાઈ, ઉ.વ. ૭૧, સરગાસણ
- સ્વ. પંડયા વર્ષાબેન રાજેશભાઈ, ઉ.વ. ૪૫, અડાલજ

# નેચર ફર્સ્ટ દ્વારા ત્રિવેણી સંગમરૂપી કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા.૨૮

નેચર ફર્સ્ટ દ્વારા ગાંધીનગર અને અન્ય વિસ્તારોમાં પ્લાસ્ટિક મુકત અભિયાન દર શનિવારે કરવામાં આવે છે. ૨૦મા શનિવારે બાલવા ચોકડી પાસે પેટ્રોલપંપ પાસે પ્લાસ્ટિકનો કચરો એકઠો કરી સફાઈ ઝુંબેશનો કાર્યક્રમ પ્રાગદાસ બાપા ગોદડીયા પરિવારના નેચર ફર્સ્ટના એન.પી. પટેલ, પૂર્વગૃહમંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાલવાના રમેશભાઈએ અલ્પાહારની વ્યવસ્થા કરી હતી. આ કાર્યક્રમમાં કુમારભાઈ ભીખાની, મહેન્દ્ર દાસ, કોર્પોરેટર શૈલાબેન ત્રિવેદી, અગ્રણી સુનિલભાઈ ત્રિવેદી, દિનેશભાઈ ભીમાની, અરવિંદભાઈ કનાડા, હસમુખભાઈ, સદાશિવ પાટીલ, મહેન્દ્રભાઈ ચૌહાણ, પારેખભાઈએ પ્લાસ્ટિક કચરો એકત્ર કર્યો હતો. વેસ્ટર્ન સીડઝના સંશોધન કેન્દ્ર ખાતે વેસ્ટર્ન સીડઝના આયુર્વેદિક ઉકાળા વિતરણ, નેચર ફર્સ્ટના વૃક્ષારોપણ અને પ્લાસ્ટિક મુકત સફાઈ ઝુંબેશ તેમજ સંસ્કાર ભારતીના કાર્યક્રમમાં સેવા કરનાર નાના-મોટા સૌ કાર્યકરોનું મોમેન્ટો, ભગવાન સોમનાથનો પ્રસાદ, અને ખેસથી સન્માન કર્યું હતું જયારે સલીલ મહેતા અન્ય કલાકારો માયાબેન ચૌહાણ વિગેરેએ સર્વેનું સ્પેશિયલ કીટ જેમાં ડાયરી, બેગ શાલ અને મોમેન્ટોથી સ્વાગત સન્માન બહુમાન કર્યુ હતું. આ સમગ્ર કાર્યક્રમ નેચર ફર્સ્ટના અને ગાંધીનગરના ભામાશા એન.પી. પટેલના સહયોગથી અને કુમાર ભીમાનીની જહેમતથી કરવામાં આવ્યો હતો. નારણભાઈ પટેલ અને મહેદ્રભાઈ ત્રિવેદી જેવા મહાનુભાવો રાજકારણથી અલગ રહી જે સવાકીય કાર્યો ઉદારતાથી કરે છે તેમાં સૌનો સાથ સૌનો વિકાસ ઉમદા રીતે સાર્થક થાય છે.

# સાર્ક દેશોની ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં સરકારી મેડીકલ કોલેજના ડોકટરને એવોર્ડ એનાયત

ગાંધીનગર, તા.૨૮

સરકારી મેડીકલ કોલેજ ખાતે સીનીયર રેસીડન્ટ તરીકે ફરજ બજાવતા ડૉ. કિંજલ બી.ચૌહાણ, એમ.ડી. (સાયકાટ્રીક)ને સાર્ક દેશોની ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં એવોર્ડ એનાયત થયો છે. તારીક ૧૬થી ૧૮મીના રોજ કલકત્તા ખાતે આ ઈવેન્ટ યોજાઈ હતી. ગાંધીનગર રાજપૂત સમાજ તથા સરકારી મેડીકલ કોલેજ ગૌરવની લાગણી અનુભવે છે તેમજ ડૉ. કિંજલ બી. ચૌહાણ ભવિષ્યમાં પણ જવલંત સફળતા મેળવે તે બદલ શુભેચ્છા પાઠવી હતી.

# ગુરૂકૃપા ફાઉન્ડેશન દ્વારા ઘરડાઘરના ૧૫૧ વડીલોને રીસોર્ટમાં પીકનીક



ગાંધીનગર, તા.૨૮

ગુરૂકૃપા ફાઉન્ડેશન દ્વારા ઘરડાઘરના ૧૫૧ બા-દાદાને પીકનીક માટે રીસોર્ટમાં લઈ જવાયા હતા. જેઓ ખુબ ખુશ જોવા મળી રહ્યા હતા અને કોરોનાકાળ પછી ઘણા સમયપછી નીકળવાને કારણે ખૂબ જ ઉત્સાહમાં હતા. આટલી ઉંમરમાં પણ તેઓને પોતાનું બચપન યાદ આવી ગયું હતું. તેઓને મેજીશીયન દ્વારા જાદુના ખેલ બતાવવામાં આવ્યા હતા. અલગ અલગ રમત રમતા ગુરૂકૃપા ફાઉન્ડેશનના મેમ્બરો દ્વારા તેઓને કોઈ પણ તકલીફ ન પડે તેનું ધ્યાન રાખવામાં આવ્યું હતું. દરેકને પ્રભાવનામાં કચરીયું અને અડદિયા પાકના પેકેટ આપવામાં આવ્યા હતા.

## જન્મદિને વધામણી



દિપકભાઈ એસ પટેલ




જયેશભાઈ કે. ગોહેલ
મો. ૯૮૭૯૫ ૩૧૫૩૧



આકાશ ભાવસાર
ડિરેક્ટર, નાયગ્રા હોટેલ્સ પ્રા.લિ.
મો. ૯૮૭૯૮ ૪૯૨૯૯



જ્યોતિકા ગિરીશ આર્ય
મો. ૯૯૦૪૫ ૦૧૭૫૫



વેદાંત દવે



રમેશભાઈ સતપરા
ટ્રસ્ટી, સૌરાષ્ટ્ર કચ્છ સમાજ



ઉમેશભાઈ તળપદા
રેડક્રોસ, ગાંધીનગર

# રાંધેજા ગામને આંગણે શ્રીમદ ભાગવત કથા



ગાંધીનગર, તા.૨૮

રાંધેજા ગામમાં તારીખ ૨૮ થી ૩જી સુધી સાત દિવસીય ભાગવત કથાનું ભવ્ય આયોજન કરેલ છે. જે દરરોજ બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે. રાંધેજાના મહારાજ ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે કથા શ્રવણ કરવા સૌ ગ્રામજનોને સુંદરધામ પરિવાર દ્વારા આમંત્રણ પાઠવ્યું છે.